# ભક્તિનું ફૂલ મુક્તિનું દ્વાર છે

ધર્મ દર્શન
બાળકૃષ્ણ વડનેરે



ભક્તિ અને મુક્તિ બંને બહેનો છે. નિઃસ્વાર્થ, નિઃસીમ ભક્તિ એ જ મુક્તિનું દ્વાર છે. માણસ ભકિત કરે છે. ઉપવાસ, વ્રતો પૂજાપાઠ વગેરે કરે છે પણ તેમાં સ્વાર્થનું અંધારું હોય છે. એક નિષ્ઠતાનો પ્રકાશ નથી હોતો તેથી માણસ પોતાનું દુઃખ દૂર કરી શકતો નથી. નિઃસીમ-સ્વાર્થરહિત ભક્તિ અને પરમ નિષ્ઠા સાથે ભક્તિ કરનાર બે મિત્રોની એક સુંદર કથા સાંભળો.

કાનજી સોની અને નાનજી માળી બંને બાળપણના મિત્રો હતા. એક જ શેરીમાં રહેતા બંને જોડિયા ભાઈ જેવા હતા. ઉંમરમાં પણ સરખા. કાનજી ગુજરાતી શાળાના મુખ્યાધ્યાપક પરના પદ પરથી નિવૃત્ત થયા અને નાનજી ફૂલમાળીનો ધંધો કરે. બંનેએ પંચોતેર સાલનો અમૃતઉત્સવ ઉજવયો તો આખી શેરીનો જમણવાર કર્યો હતો. કાનજી માસ્તર તો સત્ય, સંયમ, શાંતિ અને સેવાને જ પોતાની શ્રીમંતી સમજે અને નાનજી પ્રામાણિકતા, પરોપરકાર, સૌજન્ય અને સહકારના ભાવો સાથે જીવતો હતો.

કાનજી માસ્તર રોજ સવારે ગુરુ મહારાજના દર્શને જાય ત્યારે નાનજીની દુકાને એને મળીને જાય. ‘‘ઓ વહાલા નાનજી, કેમ છે?’’ અને નાનજી કાનજી માસ્તરને એક ફૂલ આપે અને માસ્તર ફૂલ લઈને મંદિરે જઈ ગુરુ મહારાજની સમાધિ પર ફૂલ શ્રદ્ધાથી ચઢાવે. વર્ષોથી એક મિત્ર બીજાને એક જ ફૂલ આપે અને બીજો મિત્ર તે ફૂલને સમાધિ પર ચઢાવે. બંને 80 વર્ષના થયા.

નાનજી માળી કોઈ દિવસ મંદિરે જઈ ના શકયો અને કાનજી માસ્તરે કોઈ દિવસ એક પૈસો પણ નાનજીને નહીં આપ્યો પણ નાનજી હવે થાકી ગયો હતો અને એનો જુવાન પુત્ર પવન આવ્યો અને બોલ્યો, ‘‘બાપા!તમે રોજ જ પેલા માસ્તરડાને ફૂલ આપો છો. મફત એ વેપાર ન કહેવાય. ફૂલ આપવાનું બંધ કરી દો. આપણે ધંધો લઈને બેઠા છીએ.’’ નાનજીએ કહ્યું ‘‘બેટા! આવું ન બોલાય. માસ્તર અને હું બાળપણના કૃષ્ણ અને બલરામ જેવા ભાઈમિત્ર છીએ. અમારામાં વેપારી સંબંધ નથી. પ્રેમ, લાગણી અને આત્મીયતાનું સગપણ છે. તું માસ્તરકાકાને કંઈ બોલતો નહીં. હું પ્રશ્નને છોડાવીશ.’’

નાનજી પોતાના દીકરા પવનનો સ્વભાવ જાણતો હતો. તે દીકરાના તોછડાપણું અને કઠોર વાણીથી પરિચિત હતો. પછી બપોરે બજારમાં જઈને એક માટીનું કૂંડું અને એક બટમોગરાનો નાનો છોડ કૂંડામાં રોપીને ઘરે લઈ આવ્યો.

બીજા દિવસે સવારે કાનજી માસ્તર આવ્યા અને લલકાર્યું. ‘‘ઓ નાનજી! કેમ છે વહાલા?’’ નાનજી બોલ્યા, ‘‘માસ્તર! આમ તો ઠીક છે પણ રાત્રે તાવ હતો પણ સવારે ફૂલો લેવા માર્કેટ તો જવું જ પડે પણ તમને એક ભેટ આપવી છે તે સ્વીકારજો’’ અને પેલા બટમોગરાના છોડનું કૂંડું માસ્તરને આપી કહ્યું, ‘‘માસ્તર! રોજ પાણી પાતા રહો છોડને.’’ એક ફૂલ અને કૂંડું લઈ માસ્તર મંદિરે ગયા. નાનજીએ આપેલ ફૂલ ગુરુ સમાધિ પર ચઢાવીને માસ્તર ઘેર આવ્યા.

ચાર-પાંચ મહિનાઓ થઈ ગયા હતા. ઉત્તરાયણ સમાપ્ત થવાનું હતું. સવારે માસ્તર કૂંડામાં પાણી નાંખવા ગયા તો બટમોગરાનું એક ફૂલ છોડ પર મહેકતું હતું. માસ્તરને આનંદ થયો. તેઓ જલ્દબાજી કરીને તાજું મોગરાનું ફૂલ લઈને દોડતા નાનજીની દુકાને ગયા પણ નાનજી દેખાયો નહીં. તેનો દીકરો જાણે માસ્તરની રાહ જોતો ઊભો હતો. માસ્તરે પૂછ્યું, ‘‘બેટા! મારો નાનજી નથી દેખાતો?’’ દીકરો પવન વાવાઝોડાના વરસાદની જેમ અશ્રુ પાડીને રડતો રડતો બોલ્યો, ‘‘કાકા-માસ્તરકાકા! તમારો વહાલો નાનજી નબીં રહ્યો. આજે વહેલી સવારે જ કાયમને માટે આપણને છોડી ગયા અને માસ્તર નાનજી નામે આક્રોશ કરીને મોગરાના છોડ પરનું તે એક જ ફૂલ હાથમાં લઈને મંદિરે ગયા. મંદિરમાં ભકતોની ભીડ હતી. માસ્તરે પૂજારીને પૂછ્યું‘‘મહારાજ! આજે આ ભીડ શું કામ છે?’’ મહારાજે કહ્યું, ‘‘ભકતજનો, સાંભળો. આ છે તે એક ફૂલવાળો ભકત કાનજી માસ્તર! તમે કહો છો ને સમાધિ પરનું એક ફૂલ આખો દિવસ દરમિયાન પ્રફુલ્લિત રહે છે તે અર્પણકર્તા ભકત છે કાનજી માસ્તર.’’

**બાપા ! તમે રોજ જ પેલા માસ્તરડાને ફૂલ આપો છો. મફત એ વેપાર ન કહેવાય. ફૂલ આપવાનું બંધ કરી દો. આપણે ધંધો લઇને બેઠા છીએ**

કાનજી માસ્તર આંખ લૂછીને બોલ્યા, ‘ભાઈઓ અને બેનો, મારો મિત્ર નાનજી આવી મને રોજ સવારે એક ફૂલ આપતો હતો અને તે ફૂલ હું રોજ ગુરુ મહારાજની સમાધિ પર ચઢાવતો હતો. આજે તે મિત્ર નથી પણ તેણે આપેલા મોગરાના છોડ પર ઊગેલું આ શુદ્ધ, સ્વચ્છ, સફેદ મોગરાનું ફૂલ હું તમારા બધાંની સાક્ષીએ ગુરુ મહારાજની સમાધિને અર્પણ કરું છું અને તે ફૂલ દિવસ દરમિયાન ન સુકાયું કે ન એની મહેક ગઈ. સમાધિ પર જાણે ફૂલ ડોલતું હતું એની સૌરભ મંદિરમાં મહેકતી હતી.

# પર્વ અને ઋતુ અનુસાર ઠાકુરજીનો થાળ

પંચામૃત
નીલાક્ષી પરીખ



મિત્રો, આપ સૌને થશે કે હોળીનો તહેવાર તો આપણે મનાવી ચૂક્યા. હવે હોળીની વાતો! પૂ. ગુરુદેવની હોળીની વાતો એક નવા જ અંદાજથી અલગ એંગલથી, એક નવા જ નજરિયાથી, જરા હટકેવાળી વાત શ્રવણ કરી ત્યારે એ આનંદની અનુભૂતિ આપ સૌ સમક્ષ રજૂ કરવા હૈયું અધીર બન્યું. હોળીનું પર્વ એટલે ફાગના દિવસો. આ દિવસોમાં બિહારીજી પોતાના ભક્તોના હૃદયમાં સખ્ય ભાવ ઉદિત કરીને એમની સાથે હોળી ખેલે છે. અન્ય દિવસોમાં તો આપણે પ્રભુની લીલાનું દર્શન કરીએ છીએ. દર્શક બનીને દર્શન કરવાનું હોય છે. લીલાનો આનંદ લેવાનો, લીલાના વિષયમાં શ્રવણ કરવાનું અને મનમાં અદ્દભૂત ભાવસૃષ્ટિનું નિર્માણ કરવાનું ખરું ને? પણ પ્રભુની એ લીલામાં શામેલ ક્યાં થઈ શકીએ, પણ ફાગના, હોળીના આ દિવસોમાં આપણે કૃષ્ણ સાથે રસમાં સરાબોર ડૂબી શકીએ. કોઈ નાચતું હોય અને આપણે સોફા પર બેસીને જોતાં હોઈએ એ નર્તનને પણ આપણી તરફ એ નટખટ કૃષ્ણ કૃપાદષ્ટિ કરે અને સામે ચાલીને, હાથ પકડીને આપણને પરાણે એ નૃત્યમાં ઈન્વોલ કરી દે એવા આ દિવસો છે! આપણી, જીવની તો એ જ ઈચ્છા હોય છે ને- ‘હમ પર ભી કર દો કૃપા કી નજર હૈ શ્યામ સુંદર હૈ મુરલીધર’ આ હોળીના દિવસોમાં આપણે કેવળ દૃષ્ટા જ નથી, ભાગ પણ લઈ શકીએ છીએ. દાસ્યભાવ હોય આપણામાં તો સંકોચ સહજ છે. કારણ કે ભગવાનના મહાત્મ્યનું જ્ઞાન છે આપણને તેથી દિવ્ય લીલાનું દર્શન કરીએ, વારંવાર હાથ જોડીને નમસ્કાર કરીએ અને દૂરથી આનંદ લઈએ છીએ પેલા સંકોચને કારણે પણ થાય છે એવું કે રાધારાનીની કૃપાદષ્ટિ આપણા પર પડે છે. એ રાસબિહારી કૃષ્ણને ઈશારો કરે કે આમને ‘ખીંચકર લે આઓ.’ તો પ્રભુ સ્વયં કૃપા કરીને સંકોચ દૂર કરીને આપણને ઈન્વોલ કરી દે છે. વ્રજમાં તો એવા સીટીઝન છે જે વ્રજ છોડીને ક્યાંય જતા નથી. વ્રજમાં તો રાધારાની વિઝા ન આપે તો એન્ટ્રી જ થતી નથી. પરંતુ વિઝીટર વિઝા પર પણ પહોંચી જઈએ અને શ્રીસ્વામિનીજી કૃપા કરે, ભગવાન હાથ પકડીને ખેંચી લે, ઈન્વોલ કરી દે એ ‘ભાવ’ જેમાં થાય એ સમય છે હોળીનો. ભાવ પણ બનવો જોઈએ ને? એવો કોઈ સમય, એવો કોઈ પ્રસંગ હોય તો ભાવ બને. દીપાવલિમાં દીપાવલિનો ભાવ હોય તો હોળીમાં એવો ભાવ હોય પ્રભુનો કે એની કૃપા આપણને ખેંચે, સંકોચ છોડાવે. તમને ખબર છે પુષ્ટિ પરંપરામાં આ દિવસોમાં ભગવાનના શ્રી ચરણોને ઢાંકીને રાખવામાં આવે છે? કારણ કે આ દિવસોમાં ભગવાનના શ્રીચરણો પર દૃષ્ટિ નહીં, દૃષ્ટિ હોય મુખારવિંદ પર, ભગવાનના ભાવો પર દૃષ્ટિ હોય. એમની દિવ્ય ભંગિમામાં નહીં અને આમ પણ હોળીના આ દિવસોમાં કોઈના ચરણ કે આચરણ પર વધારે દૃષ્ટિ કરવી ઉચિત નથી. એ સમયનો ભાવ અલગ જ હોય. ઠાકરુજી માટે કોઈ પરાયું ક્યાં છે? પ્રભુ તો કહે છે ને કે ‘મમ એવ અંશઃ જીવલોકે’ આમાં એક મમત્વ છે. પરમાત્માનું જીવ પ્રતિ, આપણે ભાગ્યશાળી છીએ કે ‘કોઈ આપણને પોતાના માને છે.’ બાકી તો તમારી પાસેથી ચાહનારાની જગતમાં ભીડ છે. તમને ચાહનારા કેટલાં?’ ભગવાન તદ અનુસાર રક્ષા પણ કરે છે. ‘કૌન્તેય પ્રતિ જાને હિ નમે ભક્ત પ્રણિશ્યતિ તમે જોયું? રાસલીલામાં જે ગોપીઓને ભગવાને પોતાની માની છે એમને મનમાં પણ કામ કોઈ પણ પ્રકારનો વિકાર ઉત્પન્ન કરવામાં કામદેવ કામયાબ ન થયો. રાસલીલા એક પ્રકારે યુદ્ધની જ કથા છે. વ્રજની ભૂમિમાં સ્વયં શ્રીકૃષ્ણ લડ્યા છે. એક યુદ્ધ કુરુક્ષેત્રમાં અર્જુનની મુખ્ય ભૂમિકામાં લડાવાયુ. ભક્તનું પતન નથી થવા દેતા કૃષ્ણ. યોગક્ષેમની ચિંતા કરે છે. એ છે ભગવાનનું મમત્વ. હોળીમાં તમે આચરણ તરફ ધ્યાન આપશો તો થશે કે આ આવું કરે! આટલા મહાન હોવા છતાં! કારણ કે પેલું મહાત્મ્ય જ્ઞાન છે ને? તેથી તમે સ્વીકાર ન કરી શકો. કારણ કે તમે એ રૂપ જોયું છે જ ક્યાં? તેથી પુષ્ટિ પરંપરામાં ફાગના, હોળીના દિવસોમાં ઠાકુરજીના શ્રી ચરણોને વસ્ત્રથી આચ્છાદિત કરાય છે. આ દિવસોમાં સખ્યવાલી ભક્તિનો પ્રભાવ છે. તમે જોયું જ હશે કે કોઈ ઋતુમાં કફનો પ્રભાવ હોય છે ને? તો કોઈ ઋતુમાં શરીરમાં વાયુનો પ્રભાવ હોય છે ને? તો ક્યારેક પિત્તપ્રકોપ જોર મારે છે. કેમ શરદઋતુમાં ખીર ખાવાનું વિધાન છે? કેમ શરદપૂનમે મિસરી મિશ્રિત દૂધ પૌંઆ ઠાકુરજીને ભોગ ધરાવી આરોગીયે છીએ? એની પાછળ એક વિજ્ઞાન છે-દૂધ પૌંઆ-મિસરી પિત્તનું શમન કરનારી સામગ્રી છે. શરદ પિત્ત પ્રકોપની ઋતુ છે. આપણે ઋતુ અનુસાર આહાર-વિહાર સેટ કરીએ છીએ ખરુ ને? પરમાત્માએ ઋતુ પ્રમાણે શાકભાજી, ફળ પ્રકૃતિ માતા દ્વારા પૂરાં પાડ્યાં છે. જેથી તમારું શારીરિક સૌષ્ઠવ જળવાય અને મન પ્રસન્ન રહે. પરમાત્માએ શું અદ્દભુત વ્યવસ્થા કરી છે. ફાગના દિવસો વસંત ઋતુમાં આવે છે. તેમાં એક ભાવ બને છે. એ છે સખ્ય ભક્તિનો. આજ બિરજમે હોલી રે રસિયા. ક્યારેક દૂર રહીને ભગવાનના શ્રીચરણના દર્શન કરવાના તો કયારેક સમીપથી મુખારવિંદના દર્શન કરી ધન્યતાનો અનુભવ કરવાનો.

**તમને ખબર છે પુષ્ટિ પરંપરામાં આ દિવસોમાં ભગવાનના શ્રી ચરણોને ઢાંકીને રાખવામાં આવે છે? કારણ કે આ દિવસોમાં ભગવાનના શ્રીચરણો પર દૃષ્ટિ નહીં, દૃષ્ટિ હોય મુખારવિંદ પર, ભગવાનનાં ભાવો પર દૃષ્ટિ હોય**

સામીપ્યથી ભગવાનના 1-1 ભાવને જોઈ નિહાલ થવાનું. ફાગના આ દિવસોમાં ક્યારેક વાત્સલ્યભાવ, ક્યારેક શૃંગાર તો ક્યારેક સખ્ય ભાવ પણ આમાં મહાત્મ્ય જ્ઞાન અવરોધ પેદા કરે.

ભગવાને મુખમાં મા યશોદાને બ્રહ્માંડના દર્શન કરાવ્યા માએ પ્રમાણ કર્યા પણ એ જ્ઞાન સતત રહ્યું હોત તો વાત્સલ્યભાવમાં અવરોધ થાતને? ભગવાનને વૈષ્ણવી માયા દ્વારા વિસ્મૃતિ કરાવી.

તેવું જ શૃંગારમાં પતિ ચીફ મિનિસ્ટર કે ચીફ જસ્ટીસ કેમ ન હોય પણ પત્ની સાથે શૃંગાર ભાવે જોડાયેલો છે. શયનખંડના એકાંતમાં એને મહાત્મ્ય જ્ઞાન રહે અને ‘સર’ ‘સર’ છે. ઘરમાં રાધારાની જેમ કહેશે એવું નથી થતું? આજે જરા જલ્દી આવી જજો. પતિ કહેશે, જી. એકાંતિક ક્ષણોમાં કેવળ-પ્રિયા-પ્રીતમને શૃંગાર ભાવ સખ્યભાવમાં પણ સંકોચ થાય.

ભગવાન સુદામાને પરાણે ખેંચીને સિંહાસન પર બેસાડે, ચરણ ધુએ અરે! સ્વયંના આંસુથી!

ઋતુ અનુસાર ‘ભાવ’ બને. તો ફાગના દિવસોમાં સખ્યભાવ હોય. રાધારાનીના અનુગ્રહતી કૃષ્ણ કૃપા કરી હાથ પકડી ખેંચી લે. રંગી દે પછી તો સંકોચ દૂર થાય. આપણો રિમોટ ઠાકુરજીના હાથમાં છે. એ ભાવ ચેંજ કરે ને દિવ્ય અવસરે એમના પ્રેમરંગે રંગી દે. તો આ છે હોળીનો આ એક અલગ જ અંદાજ.

(ગુરુવર્ય પૂ. શ્રી રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી)ના સત્સંગને આધારે)